# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૮ (E) તા.૧૧-૮-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

**વિષય : ગુજરાત ક્વીઝ – ૨૦૧૭ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.**

**સંદર્ભ : મઉમશબ/આઈ.ટી./૨૦૧૭ તા: ૪/૮/૨૦૧૭**

આથી મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે ગુજરાત સરકાર દ્વારા ઓગષ્ટ – સપ્ટેમ્બર માસ દરમ્યાન ગુજરાત ક્વીઝ – ૨૦૧૭ યોજવાનો નિર્ણય કરેલ છે. જેમાં આપણા ગુજરાત રાજ્ય પ્રત્યેની નિષ્ઠા, નિસ્બત અને ગૌરવનો અનોખો માપદંડ લઈને વિદ્યાર્થીઓમાં જાણકારી વધે, ગુજરાત વિશેના જ્ઞાનમાં વધારો થાય. રાજ્ય પ્રત્યે આદર વધે અને તંદુરસ્ત સ્પર્ધાનું વાતાવરણ બને તે હેતુથી વિશ્વસ્તરની ગુજરાત કેન્દ્રીત ક્વીઝ કોમ્પીટીશન યોજવામાં આવશે. તો આ સાથે સામેલ પ્રારંભિક માર્ગદર્શિકાને ધ્યાને લઈ ઉચ્ચ પ્રાથમિક શાળાઓએ www.gujaratquiz.in વેબસાઈડ પર રજીસ્ટ્રેશન કરવાની રહેશે.

- આપની શાળામાં આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એક શિક્ષકને ખાસ જવાબદારી સોંપવામાં આવી હોય તેનુ રજીસ્ટ્રેશન www.gujaratquiz.in વેબસાઇટ પર ૧૧/૮૨૦૧૭ થી ૨૩/૮/૨૦૧૭ દરમ્યાન કરવાનું રહેશે.
- શાળા કક્ષાએ યોજાનારી ગુજરાત ક્વિઝ-૨૦૧૭ માટે ૧૫ ઓગસ્ટ થી ૨૩ ઓગસ્ટ ૨૦૧૭ સુધીનો સમય નક્કી કરવામાં આવે છે. શાળાના દરેક વિદ્યાર્થી/ વિદ્યાર્થીની આ સ્પર્ધામાં ભાગ લે તેવો સનિષ્ઠ પ્રયાસ કરવો. અને ભાગ લેનાર દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીનું રજીસ્ટ્રેશન www.gujaratquiz.in વેબસાઇટ પર ૧૫ ઓગસ્ટ થી ૨૩ ઓગસ્ટ ૨૦૧૭ દરમ્યાન કરવું.

- ❖ **શાળાના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા અને આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની સંખ્યા વચ્ચે ટકાવારી મુજબ સૌથી ઓછો તફાવત ધરાવતી શાળાઓની વિશેષ નોંધ લેવાની સાથે પ્રશંસાપત્ર પાઠવવામાં આવશે.**
- ❖ **આ ક્વિઝમાં ભાગ લેવા માટે દરેક વિદ્યાર્થી પુસ્તક કે ઓનલાઇન સ્વરૂપે ઉપલબ્ધ ગુજરાત ક્વિઝ ૨૦૧૭ પ્રવેશિકાનો આધાર રાખશે.**
- ❖ **ધોરણ ૬ થી ૮ની શાળાઓમાં ધોરણ ૬માંથી એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીની, ધોરણ ૭માંથી એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીની, અને ધોરણ ૮માંથી એક**

**વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીની, પસંદગી કરવા માટે જે તે ધોરણના બધાજ વર્ગોને (દા.ત. ૬-અ, ૬-બ, ૬-ક.......) સાંકળતી ઇન્ટરક્લાસ ક્વિઝ રમાડવી.પ્રત્યેક શાળામાંથી ૩ વિદ્યાર્થી અને ૩ વિદ્યાર્થીનીઓ આગળ ભાગ લેવાનો રહેશે. આમ, દરેક શાળામાંથી ૬ વિદ્યાર્થીનીઓની પસંદગી કરવાની રહેશે.**

- www.gujaratquiz.in વેબસાઇટ પરથી આ અંગેનું માર્ગદર્શન મળી રહેશે. ઓનલાઇન એન્ટ્રી કરવામાં મુશ્કેલી પડે તેવા સંજોગોમાં www.gujaratquiz.in પર ઉપલબ્ધ સૂચનાનું પાલન કરવાનું રહેશે.
- શાળા કક્ષાએ વિજેતા બનેલા જે તે વિભાગના ૩ **વિદ્યાર્થી અને ૩ વિદ્યાર્થીનીઓનું રજીસ્ટ્રેશન** www.gujaratquiz.in પર સ્પર્ધા પૂર્ણ થયાના મહત્તમ બે દિવસમાં કરી લેવું આ રજીસ્ટ્રેશન કરવા માટે ૨૫ ઓગસ્ટ છેલ્લી તારીખ ગણાશે.
- ગુજરાત ક્વીઝ ૨૦૧૭ પ્રારંભિક કીટમાં આપવામાં આવેલ સ્પર્ધાઓમાં વિજેતા થયેલ વિજેતાઓ માટેના સર્ટીફીકેટ જે તે વિર્દાર્થીને શાળાના આચાર્યશ્રીની સહી સાથે સમૂહ પ્રાર્થના કાર્યક્રમ સાથે સાંકળીને એનાયત કરવા જેથી વિજેતા વિદ્યાર્થીઓને ગૌરવની લાગણી થાય અને અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણા મળે.
- શાળાના પસંદગી પામેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને તાલુકા કક્ષાને સ્પર્ધા માટે તૈયાર કરવા એક શિક્ષકને જવાબદારી સોંપવી.
- વિદ્યાર્થી-વિદ્યાર્થીને શાળા કક્ષાથી આગળ વધી તાલુકા કક્ષા - ઝોન કક્ષા /શહેર કક્ષા /રાજ્ય કક્ષાના વિજેતા બનશે તેમના માર્ગદર્શકની વિશેષ નોંધ લેવાની સાથે યોગ્ય સન્માન કરવામાં આવશે.
- શાળા કક્ષાએ પસંદગી પામેલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીને ઝોન કક્ષાની સ્પર્ધા માટે મોકલી વખતે તે સ્પર્ધકના ફોટોગ્રાફ સાથે સંપૂર્ણ વિગતની ખરાઇ કરીને આચાર્યના સહી સિક્કા ધરાવતા ઓળખપત્ર સાથે સ્પર્ધકને મોકલવાના રહેશે.
- તાલુકા કક્ષાની સ્પર્ધાની તૈયારી માટે દરેક સ્પર્ધકે ગુજરાત ક્વિઝ ૨૦૧૭ પ્રશ્નમંજૂષા નો આધાર રાખવાનો રહેશે. જે ગુજરાત ક્વિઝ ૨૦૧૭ પ્રારંભિક કીટ સાથે કે તે પછી વિજેતાઓના ઉપયોગ માટે જ સંબંધિત કચેરી તરફથી આપવામાં

આવશે. તે સિવાય ગુજરાત ક્વિઝ ૨૦૧૭ પ્રશ્નમંજૂષા ઓનલાઇન પર ઉપલબ્ધ હશે.

❖ શાળા કક્ષાએ પ્રથમ 3 માં ના આવી શક્યા હોય તેવા સ્પર્ધકો માટે સીધી એન્ટ્રી પણ શક્ય છે. શાળાનો કોઇ પણ વિદ્યાર્થી આ માટેની ખાસ ઓનલાઇન સ્પર્ધામાં ભાગ લઇ શકશે. અને સમગ્ર રાજ્યમાં સૌથી વધુ સ્કોર કરનાર પ્રથમ ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ અને પ્રથમ ૧૦,૦૦૦ વિદ્યાર્થીનીઓ ઝોન કક્ષાએ સીધી જ એન્ટ્રી લઇ શકશે. જે માટેની જાણ શાળાએ વિદ્યાર્થીને કરવાની રહેશે.

- સ્પર્ધા માટેના વિભાગોને તબક્કા નીચે મુજબના રહેશે.

## ➢ સ્પર્ધાના ત્રણ વિભાગો

- **કિશોર :** ધોરણ ૬ થી ૮
- **તરૂણ :** ધોરણ ૯ થી ૧૨
- **યુવા :** ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ (કોલેજો)

આ સ્પર્ધામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ચાર તબક્કા રહેશે.

➢ **પ્રથમ તબક્કો** : શાળાની અનુકુળતા અનુસાર ૧૫ ઓગષ્ટ થી ૨૩ ઓગષ્ટની વચ્ચે (શાળા કક્ષાએ)

➢ **બીજો તબક્કો** : ૧ સપ્ટેમ્બર થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન (ઝોન કક્ષાએ)

➢ **ત્રીજો તબક્કો** : ૨૪ સપ્ટેમ્બર થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન (શહેર કક્ષાએ)

➢ **ચોથો તબક્કો** : સપ્ટેમ્બરના અંતમાં (રાજ્ય કક્ષાએ)

## ➢ આ સ્પર્ધા અંગેની પ્રશ્નોની યાદી પ્રશ્ન બેંક ઓનલાઇન પણ ઉપલબ્ધ છે.

- પ્રાથમિક નિયામકશ્રીની
- સર્વ શિક્ષા અભિયાનની
- નિયામકશ્રીની પ્રાથમિક શાળાની
- ગુજરાત રાજ્ય પાઠય પુસ્તકમંડળ
- KCG

- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી
- ટેકનીકલ શિક્ષણ
- GCERT
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણબોર્ડ

ઉપરોક્ત સંસ્થાની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ છે. જેથી ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પ્રશ્નોની તૈયારી કરી તેમના જ્ઞાનની ચકાસણી કરી શાળા કક્ષાએથી લઈ રાજ્ય સ્તરે પ્રોત્સાહન મળશે.

આ સ્પર્ધામાં વધારેમાં વધારે બાળકો ભાગ લે તેવુ આયોજન કરવું. અને બાળકોને પ્રોત્સાહન પુરૂ પાડશો આ કાર્યકર્મનો ચૂસ્તપણે અમલ કરશો. ભાગ લીધેલ અને વિજેતા વિદ્યાર્થીઓની વિગતો તા.૨૪/૮/૨૦૧૭ ના રોજ સુપરવાઈઝરશ્રીને મોકલી આપવી.

તા.૧૧-૮-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી